ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*મહિલા ના મત મેળવી લેવા ભાજવી મંછા છે,*
*તો પુરુષ મત પાકા કરવા કોંગીની ઈચ્છા છે.*
*અભિપ્સા બંનેની સરખી જાણે હોય 'ફિક્સ મેચ'*
*છે પતંગોત્સવ સંસદે પ્રજાની કોને પૃચ્છા છે?*

### હાઈકુ

*સંસદ ગૃહ*
*મતો ની કાપાકાપી*
*યુદ્ધ મેદાન...*

*ખાય છે બધા*
*ચારો, તોપ, વિમાનો -*
*ભૂખ્યા નેતાઓ...*

### ચિંતન

**દ્રષ્ટા શ્રોતા વક્તા કર્તા ભોક્તા ભવત્યહંકારઃ ।**
**સ્વયમેતદ્વિકૃતીનાં સાક્ષી નિર્લેપ એવાત્મા ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જોનાર, સાંભળનાર, બોલનાર, કરનાર અને ભોગવનાર અહંકાર છે. આત્મા સ્વયં તો આ વિકારોનો સાક્ષી અને નિર્લેપ જ છે.

આ મેં કર્યું - સાંભળ્યું - હું સારું બોલ્યો, આ મેં કર્યું, - મેં ખૂબ સહન કર્યું - એમ આપણે બોલીએ છીએ એ માત્ર 'શરીર' ના અહંકારનો પ્રતાપ છે.

જો 'આત્મા'ને શરીરથી અલગ રીતે જોઈ-જાણી શકાય તો બધા અહંકાર ઓગળી જાય અને 'સાક્ષીરૂપ' દૃષ્ટિ મળી જાય.

### સુવિચાર

- જીવનમાં ઉંમરલાયક થવા કરતાં લાયક થવાનું અઘરું છે - **જનકલ્યાણ**
- આવતીકાલે સૂર્યોદય થવાનો છે, એવા વિશ્વાસને કારણે જ સૂર્યાસ્ત સમયે કોઈ કલ્પાંત કરતું નથી - **સંત રોબિન**
- આવતીકાલ અને ગઈકાલની તકરારમાં આજ ફાવી ગઈ, ગઈકાલ આવતીકાલની ચિંતા કરવામાં આજ આવી ગઈ - **અમૃતબિંદુ**
- પોતાને સર્વશ્રેષ્ઠ સ્થાપિત કરવાનો આ અહંકાર જ પોતાને શ્રેષ્ઠ થતાં રોકે છે - **જ્ઞાનસૂત્ર**
- મનની નિરામય અબાહોવા જેવું બીજું કોઈ શ્રેષ્ઠ વાતાવરણ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- કેળવણી એટલે મુક્તિ, આર્ષદર્શન, સ્વયં પ્રેરણા, નિત્ય નવું સર્જન નિત્ય નવું સાહસ - **શાહબુદીન રાઠોડ**
- આજનું ઔષધ : ગરમાળાના પાનનો રસ ખરજવા ઉપર લગાડતા રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૬ વર્ષની ફ્રીડા પોલિયોથી પરેશાન હતી. રમી શકે તેમ ન હોવાથી તેણે પોતાનું ધ્યાન વાંચનમાં પરોવ્યું. એકવાર શાળાએથી પરત ફરતા બસનો અકસ્માત થયો. અને એને છાતીની પાંસળીમાં ગંભીર ઈજા થઈ. મહિનાઓ સુધી પથારી વશ રહી છતાં તે હિંમત ન રાહી. વાંચન કરી શકવા તે સક્ષમ ન હતી. આથી તેણે ચિત્રકારમનો શોખ કેળવ્યો. પોતાના રૂમમાં જ બેડ પાસે કેનવાસ અને બીજી વ્યવસ્થા કરાવી. રૂમમાં એક મોટો અરીસો રાખી ને રોજ પોતાના પ્રતિબિંબને જોઈ પોતાને હિંમત આપતી. આમ ચિત્રો દોરતા દોરતા તે સારી ચિત્રકાર બની ગઈ. એનું એક પેઈન્ટીંગ તો પેરિસના આર્ટ મ્યુઝિયમમાં સ્થાન પામ્યું. આ ઘટના તેના માટે સૌથી વધારે ઉત્સાહજનક હતી. સમય જતા તે મેક્સિકો દેશની સૌપ્રથમ આર્ટીસ્ટ બની કે જેને ફ્રાન્સ, ઈટાલી, જર્મની ઈંગ્લેન્ડમાં ખ્યાતિ મળી. ભલે તેને શરીરે સંપૂર્ણ સાથ ન આપ્યો છતાં મજબૂત મનની શક્તિથી સન્માન, ઈજ્જત મેળવી. ફ્રિડાએ સાબિત કર્યું કે માણસ ત્યાં સુધી મનથી મક્કમ હોય ત્યાં સુધી દુનિયાની કોઈ તાકાત તેને રોકી શકતી નથી.

# ॥ વયમ્ પંચાધિકમ્ શતમ્ ॥

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના વડાપ્રધાનની ઠેકડી ઉડાળવાની હિંમત કરી તે વર્તમાન કેન્દ્ર સરકાર માટે આંતરરાષ્ટ્રીય નાલેશી ગણાશે. એમણે મોદી સાથે થયેલ મુલાકાત દરમિયાન મોદીએ માત્ર અફઘાનિસ્તાનમાં ગ્રંથાલય માટે આર્થિક મદદ કર્યાની વાત જ કર્યે રાખી એવો આક્ષેપ કરી એમની મજાક ઉડાવતાં કહ્યું હતું કે આટલી રકમ તો અમેરિકા અફઘાનિસ્તાન પાછળ ફક્ત પાંચ કલાકમાં ખરચતું રહ્યું છે. વળી એમણે એમ પણ કહ્યું કે આવી દારૂણ પરિસ્થિતિમાં અફઘાનિસ્તાનને ગ્રંથાલયની જરૂર હતી ? એ ગ્રંથાલયનો કેટલો ઉપયોગ થતો હશે ? ટ્રમ્પે ભારતના વડાપ્રધાનની ચુટકી લીધી ત્યારે એ ભૂલી ગયા કે પાડોશી દેશ તરીકે અફઘાનિસ્તાનને પડતી બૂમે ભારત સહાય કરતું રહ્યું છે. ડૉ. મનમોહન સિંહના નેતૃત્વ વખતની યુપીએ સરકારે અફઘાનિસ્તાનમાં સંસદભવનનું નિર્માણ કરાવી આપ્યું હતું. રસ્તાઓ અને ડેમો બાંધી આપ્યા હતા. મોદી રાજ દરમિયાન એ મદદ ચાલુ રહી હતી અને અફઘાનિસ્તાનના શાસકો ભારતની આ સહાય બદલ એમના ઓશિંગણ જ રહ્યા છે. પરંતુ ટ્રમ્પની વિદેશનીતિ અગાઉની અમેરિકન સરકારો કરતાં જુદી દિશાની છે. અમેરિકાએ દુનિયાભરની ફિકરચિંતા કરવા પાછળ એની સમૃદ્ધિ અને સંપત્તિ વેડફી નાખવાની મૂર્ખતા નહીં કરવી જોઈએ અને માત્ર પોતાના દેશવાસીઓ માટે જ વધુમાં વધુ નાણાં વાપરવાં જોઈએ - એવા સંકુચિત વલણ સાથે તેઓ ક્લિન્ટન અને ઓબામાની વિદેશનીતિ વિરુદ્ધ મેદાને પડ્યા હતા. અમેરિકા કથળતી આર્થિક સ્થિતિ અને ચીન ભારત કે રશિયા જેવી આંતરરાષ્ટ્રીય તાકાતો સામે બૌદ્ધિક અને વ્યાપારિક સ્તરે ઝઝૂમવાની ઘટતી જતી શક્તિથી તેઓને પ્રજાનું ભારે સમર્થન પણ સાંપડ્યું હતું. હવે તેઓ અગાઉની સરકારોની જેમ સિરિયા ઈરાક એ અફઘાનિસ્તાનમાં ડૉલર સંપદા વેડફી દેવા નથઈ માગતા. એમણે અફઘાનિસ્તાન જેવા દેશોની કાળજી લેવાની ફરજ તો એના પાડોશી પાકિસ્તાન, ભારત અને ચીન જેવા દેશોની છે. એવી વાત કરીને મદદનો હાથ ખેંચી લેવો સંકેત પણ આપી દીધો છે પરંતુ આ ચર્ચા દરમિયાન દૃષ્ટાંત તરીકે મોદીની ગ્રંથાલય માટેની મદદ વાળો મુદ્દો ટાંકી એમણે અજાણતાં જ ભારતના રાષ્ટ્રીય સ્વાભિમાનને ઠેસ પહોંચાડી છે. આથી ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી રામ માધવ કરતાં પણ વધુ ઉગ્રતાપૂર્વક કોંગ્રેસના પ્રવકતા સૂરજેવાલા અને અહમદ પટેલે ટ્વિટ કરીને ટ્રમ્પની ખબર લઈ નાખી છે તે ખરે જ વખાણવાલાયક બાબત છે. મહાભારતમાં આવતા એક પ્રસંગમાં દુર્યોધન સહિત કૌરવોને કેદ કરનારા ગંધર્વ સામે અર્જુન યુદ્ધે ચડે છે. અમારી અંદરોઅંદરની લડાઈ અમે લડતા રહીશું પણ કોઈ બહારનું પરિબળ નડતું હશે ત્યારે અમે સો અને પાંચ સામસામે નહીં પણ સાથે હોઈશું. આપણા રાજનેતાઓમાં આ ભાવના સાચા અર્થમાં કુત્સિત હળકી રાજનીતિથી વેગળી રહી સાકાર થાય એવું જરૂર ઈચ્છીએ.

# રાજદ્રોહ કરનાર વ્યક્તિના મામલતદાર જામીન લઈ શકે છે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ (મામલતદાર)ને એવી માહિતી મળે કે પોતાની હકુમતના વિસ્તારમાં કોઈ વ્યક્તિ રાજદ્રોહ બાબતનો પ્રચાર કરે છે અને આવી કાર્યવાહીથી સમાજના મોટા વર્ગને નુકશાન થાય તેમ છે તો નામદાર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ આવા પ્રકારના ગુન્હા આચરતી વ્યક્તિને પકડી એક વર્ષ સુધીના સારી ચાલચલગત તથા વર્તણુંક બાબતના જામીન મેળવી શકે છે.

કોઈપણ વ્યક્તિ બોલીને, લખીને કે ભાષણો દ્વારા ઈરાદપૂર્વક ગેરસમજ થાય તેવા તથા રાજદ્રોહ થાય સમાજમા અન્ય વર્ગમાં વમનસ્ય ફેલાય તેવા ઈરાદાથી પ્રચાર પ્રસાર કરતો હોય અથવા કોઈ એક પ્રકારે એવું વાતાવરણ ઉભું કરતો કરે જેનું પ્રકાશન ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૨૪(ક) કે કલમ ૧૫૩(ક) કે ૧૫૩(બ) અગર તો ૨૯૫(ક) મુજબ શિક્ષાપાત્ર હોય અને પોતાની ફરજ બજાવતા કે બજાવતા હોવાનું અભિપ્રેત હોય તેવા કોઈ ન્યાયાધીશને લગતી ભારતીય ફોજદારી અધિનિયમ હેઠળ ગુન્હાહિત ધમકી, બદનક્ષી થાય તેવી બાબત ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૨૯૨ માં ઉલ્લેખ હોય એવી અશ્લિલ વસ્તુ બનાવે, ઉત્પાદન કરે, પ્રકાશીત કરે અથવા વેચાણમાં રાખે તેની આયાત, નિકાસ, હેરફર કે વેચાણ કરે, પ્રેસ પુસ્તીકા રજીસ્ટ્રેશન અધિનિયમ ૧૮૬૭ હેઠળ નોંધાયેલ અને તેમાં દર્શાવેલ નિયમો અનુસાર લખાયેલા, છપાયેલા અને પ્રકાશીત થતા હોઈ પ્રકાશનના તંત્રી, માલીક, કે એવા પ્રકાશનમાં કોઈ બાબત હોય તે અંગે રાજય સરકારના કે તે માટે રાજય સરકારે જેને સત્તા આપી હોય તે અધિકારીના હુકમ સીવાય અથવા તેણે આપેલા અધિકાર અનુસાર હોય તે સીવાય આ કલમ હેઠળ કોઈ કાર્યવાહી કરી શકાશે નહિ.

પરંતુ શંકાસ્પદ વ્યક્તિઓ પાસેથી સારા વર્તનની જામીનગીરી મેજીસ્ટ્રેટ મેળવી શકશે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનો એવી માહિતી મળે કે પોતાની સ્થાનિક હકુમતની અંદ કોઈ વ્યક્તિ પોતાની હાજરી છુપાવવા માટે સાવચેતી રાખે છે અને તેને કોઈ પોલીસ અધિકારી હેઠળનો ગુન્હો કરવાની દ્રષ્ટીએ એમ કરે છે અને એમ માનવાને પુરતુ કારણ હોય ત્યારે મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તે વધુમાં વધુ એક વર્ષની મુદત દરમ્યાન સારી ચાલચલગત માટે જામીન સહિતનો કે જામીન વિનાનો હુકમ ફરમાવી શકે છે.

રીઢા ગુન્હેગારો પાસથી સારા વર્તન માટેની જામીનગીરી

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનો માહિતી મળે કે પોતાની સ્થાનિક હકુમતની અંદર આ પ્રકારની વ્યક્તિઓ છે તો તે મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તેટલી વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત દરમ્યાન સારા વર્તન માટે જામીન સાથેનો હુકમ શા માટે ના કરવો તેનું કારણ દર્શાવવામાં તો આમાં હવે પછી ઠરાવ્યા પ્રમાણે રીઢા, લુટારૂ, ચોર કે ખોટા દસ્તાવેજ બનાવનાર અથવા ચોરાયેલ હોવાનું જાણવા છતા ચોરીનો મુદ્દામાલ લીધા સીવાય અથવા ચોરને રક્ષણ કે આશરો આપવાનું કાર્ય કરવું ચોરીના માલને છુપાવવામાં કે તેના નિકાલ કરવામાં મદદ કરવી અથવા અપહરણનો, બળજબરીથી માલમીલ્કત કાઢવાનો, ઠગાઈનો, બગાડનો અથવા ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૧૨ મુજબ અથવા તેની કલમ ૪૮૯(ક)(ખ)(ગ) અથવા (ઘ) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કે તેની કોશીશ કે તેનું દુષ્પેરણ કાર્ય કરનાર અથવા સુલેહ ભંગ થાય તેવા ગુન્હા કે તેની કોશીશ કે તેનું દુષ્પેરણા કર્યા કરનાર અથવા ઔષધ અને સોંદર્ય પ્રસાધન અધિનિયમ ૧૯૪૦, વિદેશી હુડીયામણ અધિનિયમ ૧૯૭૩, કામદાર પ્રોવીડન્ડ ફંડ અને કુટુંબ પેન્શન ફંડ અધિનિયમ ૧૯૫૨, ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમ ૧૯૫૪, આવશ્યક ચિજવસ્તુ અધિનિયમ ૧૯૫૪, નાગરિક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ અથવા જકાત અધિનિયમ ૧૯૬૨, ધી ફોરેન એકટ ૧૯૪૬ અથવ સંઘરાખોરી, નફાખોરી અથવા ખોરાક કે ઔષધની ભેળસેળ અથવા લાંચ રૂશ્વત અટકાયત માટે ની જોગવાઈ કરતો બીજા કોઈ કાયદા હેઠળ શિક્ષા પાત્ર કોઈ ગુન્હો અથવા જામીનગીરી વિના છુટો રાખવાનું લોકો માટે જોખમકારક હોય એટલો જનુની અને ભયંકર માણસના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જામીન લઈ શકે છે.

કલમ ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦ મુજબ પગલા લેતા મેજીસ્ટ્રેટનો કલમ હેઠળ કારણ દર્શાવનાર કોઈ વ્યકિતનો ફરમાવવાનું જરૂરી જણાય ત્યારે તેને મળેલી માહિતીનો સારાંશ આપવાના કે જામીનની રકમ તેના અમલમાં રહેવાની મુદત અને જામીન લેવાના હોય તો તેની સંખ્યા પ્રકાર અને વર્ગ દર્શાવતો લેખીત હુકમ કરશે જેનો આરોપીઓએ અમલ કરવાનો રહેશે.

# હરિ ! મને ઝરણ બનાવી ગિરિથી દોડાવ્યો, વળી તમે દરિયો થઈ દીધી દિલે આશ



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

હરિ ! મને ઝરણ બનાવી ગિરિથી દોડાવ્યો,
વળી તમે દરિયો થઈ દીધી દિલે આશ:
હવે હું સૂતો ક્યમ રહું?

- મુકુન્દરાય પારાશર્ય

એક ઈતિહાસસંશોધક

થોડા દિવસ પહેલાં માટે કંઈક કામ માટે... ગામે જવું પડ્યું. ઈતિહાસ સંશોધનના કામમાં અનેક વર્ષોથી વ્યસ્ત એક વૃદ્ધ કાકા આ ગામમાં રહે છે એ હું જાણતો હતો. મારું કામ પૂરું થયા પછી હું સીધો એ કાકાના ઘર તરફ વળ્યો.

બપોરનો સમય હતો. મેં અંદર ડોકાઈને જોયું. કાકા એક જીર્ણ શેતરંજી પર ઉઘાડા ડિલે બેઠા હતા. પાછળ લાલ રંગનો એક તકિયો હતો. સામે પચાસ-પોણોસો પાનનાં બીડાં પડ્યાં હતા. પાસે પાનસોપારીનો ડબો હતો. કાકા ખરલમાં બીડું ખાંડતા હતા. હાથ ખાંડવાનું કામ કરતા હતા, પણ ધ્યાન બધું સામે લાંબે સુધી ફેલાયેલા જૂના પીળા ઉજ્જૈનીની કાગળ પર હતું.

મેં એમ જ આગળ જઈને નમસ્કાર કર્યા. કાકાએ મારકણી ભેંશની જેમ ઊંચું જોયું. તેમને હાંકી કાઢવાનો સમય ન દેતાં મેં કહ્યું, 'હું તમને મળવા આવ્યો છું. આપણને એકબીજાનો પરિચય નથી. મને ઈતિહાસમાં થોડોઘણો રસ છે. તમારા કેટલાક ગ્રંથ પણ ઉથલાવ્યા છે. અહીં કામ માટે આવ્યો હતો, થયું મળી આવું.'

કાકા બુલંદ અવાજે બોલ્યા, 'એમ કે ? બહારથી આવ્યા છો? આવો, આવો, બેસો અહીં. પાનબાન ખાઓ છો? ના ? ઠીક ભાઈ. અમને આના વગર ચાલે નહીં. આ મારું અફીણ જ થઈ ગયું છે.'

બીતો બીતો હું કાકાની સામે શેતરંજીના એક ખૂણે બેઠો અને ઓરડામાં ફરતી નજર નાખી. જયાં જુઓ ત્યાં એક પર એક રચેલા કાગળપત્રોનાં પોટલાનાં ઢગલા ! કાકાની બાજુમાં કેટલાક પીળા પડી ગયેલા કાગળ પડ્યા હતા. પાસે જ થોડાંક અંગ્રેજી-મરાઠી પુસ્તકો હતાં. ત્યાં જ બરુની કલમો, ખડિયા અને કેટલાક હાથીછાપ કોરા કાગળો હતા. બધો જ ભૂતકાળ ! તે ત્રણચાર - સો વર્ષના જૂના ઓરડામાં એંશી વર્ષના એ કાકા સેંકડો વર્ષ પહેલાંના કાગળપત્રોનાં પોટલાંના ઢગલા વચ્ચે જૂનો પેશવાઈ ખડિયો પાસે રાખીને જૂની ખરલમાં પાનનું બીડું ખાંડતાં હતા. વર્તમાનકાળે - વીસમી સદીએ - તે ઓરડામાં પ્રવેશ કર્યો નહોતો. મેં સામેની ભીંત તરફ જોયું. શિવાજી મહારાજ અને મોટા માધવરાવ સાહેબની છબીઓ ભીંત પર ટાંગેલી હતી. મને ભીંત તરફ તાકતો જોઈને ખરલમાંના પાનનો એક ફાકડો ભરીને કાકા બોલ્યા, 'બસ, બે જ માણસો, મહારાજ અને મોટા માધવરાવ એટલે જ મરાઠાશાહી. હજી માધવરાવની યોગ્યતા તમને લોકોને સમજાવાની બાકી છે. થોડા દિવસ જીવવા દો, એટલે દેખાશે તમને ગંમત.'

મેં કહ્યું, 'તમારા હજી કેટલા ભાગ બહાર પડશે ?' ૧૯૫૮ સુધી લઈ જશો કે ?'

કાકા બોલ્યા, 'કેટલા ભાગ બહાર પડશે ?' અરે અનંત, તેમને કાંઈ મર્યાદા છે કે ? અહીં આવો; આ ઓરડામાં જુઓ.'

મેં બાજુના ઓરડામાં ડોકાઈને જોયું. જૂનાં પોટલાંથી ઓરડો ખીચોખીચ ભરેલો હતો. પોટલાં છતને અડતાં હતા. વૃદ્ધ કાકા બોલ્યા, 'જોયાં ને આ પોટલાં ? આટલાં હજી વાંચવાના છે. તેમની તિથિઓ મેળવવી જોઈએ, નકલો ઉતારવી જોઈએ, વર્ગીકરણ કરવું જોઈએ, ખુલાસાની નોંધો લખવી જોઈએ. કેટલા ભાગ થશે, કહો ?'

'પણ... પણ...' મેં બીતાં બીતાં કહ્યું, 'આ કેટલાં દિવસ ચાલશે ?'

કાકા ગંભીરતાથી બોલ્યા, 'અરે, મરું ત્યાં સુધી ! મરી જાઉં એટલે પત્યું, પૂરું થયું. એમ તો મને પુનર્જન્મ પર વિશ્વાસ છે. ફરી પાછો મારા છત્રપતિના મહારાષ્ટ્રમાં જન્મ લઈશ, પછી મારો તમને ગંદા દેખાતા કાગળો છાતીએ વળગાડીને કામ કરીશ.'

કાકા આગળ બોલ્યા, 'પણ પુનર્જન્મ સુધી ધીરજ કયાંથી રહે ? આ જન્મમાં જ થાય તે કામ કરવું જોઈએ. હું હજી એમ કાંઈ પંદર વર્ષ સુધી નહીં જાઉં ! લખી આપું છું તમને. જુઓ આ કાંડું. જૂનો જમાનો જોયો છે, રાવ ! એમ જ નહીં.'

મેં કહ્યું, 'પણ કાકા, તમે હવે વૃદ્ધ થયાં છો. થોડીક બીજાની મદદ લેવાની હવે. નકલ તો કોઈક પાસે કરાવી લો.'

'ના ના ના! એ વાત જ નહીં. મદદ ? કોની મદદ લઉં? તમારા જેવા જુવાનિયાઓની ? રામ રામ કરો. અરે, ફક્ત નકલ કરવા આપો તોય સત્તર ભૂલો કરશે.' 'હંબીરરાય' ને 'બહીરરાય' બનાવશે. 'મંબાજી' નું 'લાંબાજી' કરશે. કાંઈ કહેશો જ નહીં. મારું કા મારે જ કરવું જોઈએ - બધું મારે જ કરવું જોઈએ. સમય ઓછો રહ્યો છે. દશપંદર વર્ષ જોતજોતાંમાં વીતી જશે. અમારો નાનો કહે છે, 'હવે આરામ કરો, મંદિરમાં દેવદર્શન માટે, પોથીપુરાણ માટે જાઓ.' તે છોકરાની શી ખબર, આ જ ઓરડામાં (શિવાજી મહારાજની છબી સામે આંગળી ચીંધીને) મારા દેવ બેઠા છે. આ ઓરડામાં આ મારી પોથીઓ પડી છે. આ અમારા મહારાષ્ટ્રવેદ! હાં હાં હાં ! બોલ્યા, દેવધર્મ કરો. શાનો દેવ ને શાનો ધર્મ ! અરે, એકાદ ગૂંચવણભર્યા હુકમનામા કે સનદની પાછળ પડુ તો બબ્બે દિવસ સ્નાન ને જમવાનુંયે રહી જાય. એક હાથે ધાણી ખાવાની ને બીજા હાથમાં કાગળ. બસ. આમ ચાળીસ વર્ષ આ ઓરડામાં વિતાવ્યાં. તમારા જગતમાં શું ચાલી રહ્યું છે એની કોને પડી છે! તમારું એ મહાયુદ્ધ શરૂ થયા પછી બે વર્ષે તો મને ખબર પડી. અને હમણાં થોડાં દિવસ પહેલાં સુધી તો હું માનતો હતો કે તે ચાલુ જ છે હજી. અમારે શું કા છે તમારી આ નવી ભાંજગડોનું ? લડો, વ્યાખ્યાનો આપો, મરો ! જે કરવું હોય તે કરો! અમારું આખું જીવન પશવાઈમાં ચાલે છે. પેશવાઈમાં જ અમે મરશું. ૧૭૯૬ સુધી તો આવી પહોંચ્યા. પછીના તબક્કે પહોંચવાનો પ્રયત્ન ચાલુ છે. પણ ૧૮૧૮ સુધી પહોંચવું મુશ્કેલ છે. વચ્ચે જ ઘોડા દગો દેશે. વસઈ સુધી પહોંચાય તોય ઘણું. પછીનો તો શાનો ઈતિહાસ ? વસઈમાં જ મરાઠાશાહી ડૂબી !'

કાકાને શ્વાસ ચડ્યો. એમણે ફરી શેતરંજી પર આસન જમાવ્યું, બીડું બનાવ્યું, ખરલમાં કૂટ્યું. ફરીથી બીડાનો ચૂરો મોઢામાં ગયો. કાકા આગળ બોલ્યા, 'જીવવું જોઈએ મારે. અરે, તમારું નામ શું? કહ્યું નથી લાગતું હજી. હું પણ ભૂલી ગયો ને. ઠીક, જવા દો. શું કહેતો હતો ? હં. હું જૂની પેઢીનો છેવટનો રહ્યો છું. મેં નજરોનજર જે જોયું છે તે તમને સપનામાંયે નહીં દેખાય. અરે, પેશવાઈમાં હરતાફરતા માણસો મેં જોયા છે, તેમના મોઢે અનેક વાતો સાંભળી છે. તમે નવા માણસો શું ઈતિહાસ લખવાના ? તમારી ભાષા જુદી; રહેણીકરણી, બોલવું, ચાલવું બધું જ જુદું. રાવ, પેશવાઈનો ઈતિહાસ લખવા પેશવાઈ મન જોઈએ; હા અને છાતી કાઢીને) પેશવાઈ દેહ જોઈએ. એટલે કહું છું, મારે પાંચ દશ વર્ષ જીવવું જોઈએ. મગજમાં જે જે ભર્યું છે તે તે કલમમાંથી ઊતરવું જોઈએ. એક જ વાત કહું છું : ભીમથડી, ગંગથડી ઘોડાઓ 'દાદા' ને અટકાયતની પાર લઈ ગયા - કયાં ગઈ એ ઓલાદ ? કહો ! નહીં જ કહો શકો. રાવ, પેશવાઈ આટોપાઈ ગઈ પછઈ એક લાખ ઘોડા થાણામાં મરી ગયા, થાણાં. દશવીસ કોસની મજલ કાપવાનો તેમનો પેઢીઓથી દેહધર્મ. લડાઈઓ પૂરી થઈ, 'ખલક ખુદા કા, મુલૂક અંગ્રેજ સરકાર કા' થયાં. કામ પૂરું થયું. થાણામાં બાંધ્યા પછી ટપોટપ તે મર્યા. જૂના શિલેદાર ગયા, જૂના ઘોડા ગયા. તમારી ઓલાદ જ જુદી. કહો છો, અમે ઈતિહાસ લખશું!'

પણ કાકાને શ્વાસ ચડ્યો. ફરીથી એક બીડું ખરલમાં કૂટ્યું. ફરીથી મોઢામાં ચૂરો ગયો. કાકા બોલ્યા, 'ઠીક. હવે તમે જાઓ. બહુ સમય લીધો. આટલી વારમાં તો બે-ત્રણ નકલો થઈ ગઈ હોત. બહારગામથી આવ્યા છો એટલે વાત કરી તમારી સાથે. અહીંના કોઈની અંદર આવવાની હિંમત નથી. આ લાકડી લઈને દોડું. ધૂની કહે છે, કહેવા દો. સારું જ થયું. નકામા ગપ્પાં મારવાનો સમય આંહીં કોને છે? ઠીક આવજો !'

(પ્રસ્તુત વ્યક્તિચિત્રની પ્રેરણા પ્રખ્યાત ઈતિહાસસંશોધક, કવિ, નાટકકાર વાસુદેવશાસ્ત્રી ખરે (૧૮૫૮ - ૧૯૨૪) ના વ્યક્તિત્વમાંથી મળી છે.)

વિઠ્ઠલરાવ ઘાટે (અનુ. જયા મહેતા)

# દેડકાંની પાંચશેરી જેવા મહાગઠબંધન સામે મોદીની સોગઠી



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ઈશુનું નવું વર્ષ ૨૦૧૯ શરૂ થતાં જ પહેલો ઘા રાણાનો એ ન્યાયે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકીય ભૂકંપ સર્જે એ રીતે સ્મિતા પ્રકાશને ઈન્ટરવ્યૂ આપીને આગામી લોકસભાની ચૂંટણીનો એજન્ડા સેટ કરી દીધો.મોદી મોજું હવે રહ્યું નથી. વર્ષ ૨૦૧૪ના ચૂંટણી ઢંઢેરાનાં વચનો મોટેભાગે વચન જ રહ્યાં છે. ખેડૂતો અને યુવા વર્ગની નારાજગી આંદોલનોમાં પરિણામી રહી છે. અનામત આંદોલનો છાસવારે યોજાય છે. મિત્રપક્ષો છેડો ફાડી રહ્યા છે કે દબાણ બનાવી રહ્યા છે ત્યારે લોકસભાની આગામી ચૂંટણી માટે મેદાને પડવાનું "આફતોને અવસરમાં ફેરવવા માટે મશહૂર" નરેન્દ્રભાઈ મોદી માટે અનિવાર્ય છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી વખતે ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી વડા પ્રધાનપદના ઉમેદવાર હતા અને એમણે દેશભરમાં જે પ્રકારે ઝંઝાવાતી પ્રવાસ ખેડ્યો, જાહેર સભાઓ સંબોધી અને કૉંગ્રેસના વડપણ હેઠળની ડૉ. મનમોહન સિંહના નેતૃત્વવાળી સરકારના દાયકાના શાસન પર પ્રહારો કર્યા એ દેશવાસીઓએ ઝીલ્યા. મોદી મોજું સર્જાયું. યુવાપેઢીની આકાંક્ષાઓ પૂર્ણ કરવા તેઓ કેન્દ્રમાં સત્તામાં આવે એવી અપેક્ષા જાગી. તમામ સમસ્યાઓને ઈલમ કી લકડીથી મોદી નિવારશે એવો વિશ્વાસ જાગ્યો. યુપીએ-ટુનું શાસન ભ્રષ્ટાચાર કૌભાંડોની ગાજવીજનું રહ્યું. વડા પ્રધાન મનમોહનની સરકારે જ અદાલતી ખટલાઓને પગલે અનેક પ્રધાન તથા સાંસદોને જેલવાસી કરવાનાં કડક પગલાં ભર્યાં છતાં કૉંગ્રેસ હારી. વિપક્ષના નેતાનો હોદ્દો મળે એટલી બેઠકો પણ કૉંગ્રેસને ના મળી.ક્યારેક ૫૪૫ની લોકસભામાં વિક્રમી ૪૨૫ બેઠકો ધરાવતી કૉંગ્રેસ માત્ર ૪૪માં જ સીમિત થઈ ગઈ.

એ વેળા વિપક્ષો વેરવિખેર હતા અને ભાજપને માત્ર ૩૧ ટકા મત સાથે ૨૮૨ બેઠકો મેળવીને નરેન્દ્ર દામોદરદાસ મોદી દિલ્હીશ્વર બન્યા. લોકસભામાં ત્રણ દાયકા પછી કોઈ પક્ષને એકલેહાથે બહુમતી મળી અને એનડીએની સરકાર રચાઈ. કેટલાક યુપીએવાળા મિત્રપક્ષોએ પણ ઠેકડો મારીને મોદીના 'સબ કા સાથ, સબ કા વિકાસ'ના નારાને વધાવ્યો અને સત્તામાં સહભાગ કર્યો. જોકે પેટા ચૂંટણીઓ હારવા અને કેટલાક ભાજપી સાંસદોના રાજીનામાંથી હવે લોકસભે ભાજપી આંક માત્ર ૨૭૨ છે. એનડીએના કેટલાક ઘટકોએ સત્તા સાથે છેડો પાડવાને કારણે એની સંખ્યા પણ ઘટી છે.

દેશમાં નવચેતનાનું મોજું

વડા પ્રધાન પદે મોદી આરૂઢ થતાં જ દેશભરમાં નવી આશા અને આકાંક્ષાનું મોજું ફરી વળ્યું. રાષ્ટ્રવાદના નારા લાગ્યા. હિન્દુ રાષ્ટ્રનો આહલ્લેક જગાવવાનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને સંઘ પરિવારે આરંભ્યું.

- **ગુજરાતના ચાણક્યમાંથી ચંદ્રગુપ્ત બનેલા નરેનભાઇ થકી સબ દર્દો કી દવા થઇ જવાની આશા જાગી હતી**
- **જીત્યા પછીય નેહરુ-ગાંધી ખાનદાનને ભાંડીને કેન્દ્રની સાથે રાજ્યો કબજે કર્યા પણ હવે ઊલટી ગણતરી શરૂ**
- **યુપીએના ડો. મનમોહન શાસનમાં મંત્રીઓય જેલવાસી બન્યા, એનડીએ શાસનમાં વાતોનાં વડાંનો માહોલ**
- **લોકસભાના ૫૪૩ સભ્યોની ચૂંટણીમાં ભાજપને ૧૮૦ મળે તોય સત્તાધીશો થકી ફરી જુગાડ કરવાનું શક્ય**

નવી વહુનાં માનપાન વધે એવું ખૂબ ચાલ્યું. લોકસભા ચૂંટણી પછીની વિધાસભામાં ચૂંટણીઓમાં પણ ભાજપ સાથે ઘર માંડવા માટે કેટલાક રાજકીય પક્ષો અને કૉંગ્રેસમાં આયખું ખેંચી નાંખીને સત્તા અને સંપત્તિમાં આળોટનારાઓએ પણ ભગવો ધારણ કરવામાં શ્રેય ગણવા માંડ્યું. ચોફેર ભાજપનો જયજયકાર થયો. શરૂ શરૂમાં તો પાકિસ્તાન સાથે ગોઠિયા જેવું વર્તન પણ જોવા મળ્યું. બધ્ધેબધ્ધું રુડુંરૂપાળું થઈ જશે અને મોદી નામના કીમિયાગર થકી સબ દર્દો કી દવા થઈ જવાની આશા જાગી.

ભાજપના અધ્યક્ષ પદે ક્યારેક અદાલતી આદેશોના પ્રતાપે ગુજરાત બહાર રહેવા વિવશ થયેલા અમિત શાહ આવ્યા. અગાઉના 'ચાણક્ય' મોદી હવે 'ચંદ્રગુપ્ત'ની ભૂમિકામાં હતા એટલે અમિતભાઈ "ચાણક્ય" ગણાવા માંડ્યા. જે આંગળીએ ઘી નીકળે એ માટેની કરામતો શરૂ થઈ. સાથે જ સંઘ પરિવાર અને શાસકોની શ્વૈરવિહારી વાણીના તડાકા પણ શરૂ થયા. જેમ જેમ રાજ્યોમાં શાસન આવતું ગયું, ભાજપના નેતાઓ છાકટા થતા ગયા.

ભાજપને કેજરીવાલનો ઝટકો

જોકે તળ દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલની 'આપ' પાર્ટીને ભારે બહુમતી મળી એ ભાજપના રાષ્ટ્રીય સત્તાધીશો માટે પહેલો તમાચો હતો. બિહારમાં પણ લાલુ પ્રસાદના આરજેડી અને નીતિશ કુમારના જેડી (યુ)ના જોડાણનો વિજય થતાં અનામત મુદ્દે સંઘ સુપ્રીમો મોહન ભાગવતના સમીક્ષા નિવેદને ભાજપની પ્રતિષ્ઠા ખરડાવી. પંજાબમાં કૉંગ્રેસ જીતી, ભાજપનો તોર યથાવત્ હતો. કૉંગ્રેસ કે અન્ય પક્ષોમાંથી નેતા તોડી લાવીને પણ ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ, હિમાચલ સહિતમાં ભાજપ સત્તારૂઢ થવાની પરંપરા ખૂબ ચાલી.

ઈશાન ભારતમાંના આસામમાં કૉંગ્રેસના તરુણ ગોગોઈના ૧૫ વર્ષના રાજ પછી ભાજપએ એજીપીમાંથી આવેલા નેતા સર્વાનંદ સોનોવાલને મુખ્ય પ્રધાન પદે આરૂઢ કર્યા. ભાજપ થકી ભ્રષ્ટાચારી ગણાવાયેલા કૉંગ્રેસી સરકારના મંત્રી હેમંત બિશ્વા સરમા ભગવી પાર્ટીના પારસમણિથી પવિત્ર થઈ જવાના ચલણે ઈશાન ભારતનાં બટુક રાજ્યો ભગવા રંગે રંગાયાં. બિહારમાં ભાજપ સાથે જેડી (યુ)એ ઘર માંડ્યું. મહારાષ્ટ્રમાં શિવ સેના સરકારમાં હોવા છતાં વડા પ્રધાન મોદી માટે 'ચોકીદાર ચોર હૈ'ના કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના શબ્દો વાપરવામાં છોછ અનુભવતી નહોતી અને હજુ આજેય રાફેલ મુદ્દે વિપક્ષ કૉંગ્રેસની જેમ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) થકી સોદાની તપાસની આગ્રહી છે.

અવળી ગણતરીનો આરંભ

રાજ્યપાલ વજુભાઈ વાળાના વિશેષાધિકાર થકી બહુમતી નહીં હોવા છતાં પાંચ દિવસ માટે કર્ણાટક કબજે કરવા જતાં ભાજપની ભારે નાલેશી થઈ અને પારોઠનાં પગલાં ભરવાં પડ્યાં. હમણાં પાંચ રાજ્યો રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, તેલંગણ અને મિઝોરમની વિધાનસભાની ચૂંટણી યોજાઈ. ભાજપના વિજયનો અશ્વમેધ અખંડ રહેવાની અપેક્ષા ધૂળધાણી થઈ અને પહેલી વાર વડા પ્રધાન મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહનો જાદુ ઓસરી રહ્યાની ગાજવીજ શરૂ થઈ.એમાં કેન્દ્રના નાગપુરી મંત્રી અને પક્ષના અધ્યક્ષ રહેલા નીતિન ગડકરીએ પણ મોવડીમંડળ સામે ટોપ દાગી. ભાજપ માટે કૂણી લાગણી ધરાવતાં દેશનાં ઈન્ડિયા ટુડે જેવાં પ્રકાશનોએ પણ મોદી-શાહની જોડીનો જાદુ ઓસરી રહ્યાની વાત કરીને રાહુલ ગાંધી અને કૉંગ્રેસનો સિતારો હવે ચમકશે એવી આગાહીઓ કરીને કવરપેઈજ પર રાહુલબાબાને ચમકાવ્યા.

મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપના પરાજય અને કૉંગ્રેસની સરકારો રચાતાં દેશનો માહોલ બદલાયો. હવામાં ઊડતી

અનુસંધાન પાના નં ૭ પર